ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨

ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.

CIN : U40102GJ2003SGC042908

e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૭/૨૨-૨૩/ 1930

તારીખ : 15 JUN 2022

**આર.પી.એ.ડી.**

પ્રતિ,

**શ્રી સોલંકી રામજીભાઈ અમરાભાઈ,**
**મું.વઢવાણ,**
**ગણપતિ ફાટસર,**
**જી.સુરેન્દ્રનગર.**

કેસ નં.૦૭/૨૨-૨૩

**મો.નં - ૯૫૭૪૨૯૩૧૩૨**

**વિષય :** **વિવાદીત સીમ જમીન સર્વે નં-૧૧ સુદામડા ખાતે ગેરકાયદેસર મૂકેલ ટ્રાન્સફોર્મર હટાવવા બાબત.**

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૨/૦૪/૨૦૨૨ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૯/૦૪/૨૦૨૨.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૨-૨૩/૧૨૮૯ તા.૨૦/૦૪/૨૦૨૨.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૨-૨૩/૧૫૨૯ તા.૧૨/૦૫/૨૦૨૨.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૬/૦૫/૨૦૨૨ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૭/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી રામજીભાઈ અમરાભાઈ સોલંકી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખ:– તા.૨૬/૦૫/૨૦૨૨** ◈

હાજર રહયા :– **શ્રી રામજીભાઈ અમરાભાઈ સોલંકી (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રામજીભાઈ અમરાભાઈ સોલંકી, મું.વઢવાણ, જી.સુરેન્દ્રનગર ની વિવાદીત સીમ જમીન સર્વે નં–૧૧ સુદામડા ખાતે ગેરકાયદેસર મૂકેલ ટ્રાન્સફોર્મર હટાવવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૭/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૭/૨૨–૨૩/૧૨૮૯ તા.૨૦/૦૪/૨૦૨૨ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૬/૦૫/૨૦૨૨** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી રામજીભાઈ અમરાભાઈ સોલંકી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.એન.સુમેસરા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

સવિનય સાથ સદર જણાવવાનું કે, હું અરજદાર ગામ–સુદામડા, તા.સાયલા ના સોલંકી રામજીભાઈ અમરાભાઈ સંયુકત સીમ જમીન ખાતા નં–૧૫૫૬ નો ખાતેદાર ખેડૂત છું. અમારી સંયુકત સીમ જમીન મિલ્કત પૈકી સ.ણ નં–૧૧ નવો જે સંયુકત નામથી ચાલે છે. જેમાં, મારૂં બીજા ક્રમે નામ છે તે સીમ જમીનમાં અગાઉ કોઈ મેટર ચાલતી હતી. છતાં, જીઈબી સાયલા મારફત ખોટું રેકર્ડ ઉભો કરી ચાર ટી.સી.ઉભા કરાવેલ હતા. જે પૈકી ૩ ટી.સી.જીઈબી સાયલા મારફત ઉપાડી લેવામાં આવેલ છે. પરંતુ, નાનું સબ ટી.સી.આ અમારી સંયુકત ભાગીદારી વાળી સીમ જમીનમાં ગેરકાયદેસર ઉભું હોય તેની જવાબદારી અમારી નથી. માત્ર એક જ નામથી ચાલતું ટી.સી.ગેરકાયદેસર છે. જેનો ભવિષ્યમાં કોઈ તૂત ફીતુર થાય તેમાં ખાનગી રીતે લોડ કરી ઉધોગ ચલાવતા હોય, કારખાનું ચલાવતા હોય, વિજ બિલના ભરે અથવા કોઈ જાનહાની થાય તેની જવાબદારી આવી પડે માટે, આ અમારી સંયુકત મિલ્કતમાંથી એક જ નામનું ટી.સી.કાઢી લેવા અમારી નમ્ર વિનંતી છે.

P.G.V.C.L. Bhavnagar Consumer Grievance Redressal Forum

કારણ અમોએ છેલ્લા ૬ મહિનાથી સાયલા રૂબરૂમાં તેમજ લેખિતમાં જણાવવા છતાં, કોઈ પગલા લેવામાં આવેલ નથી તેમજ તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજ આપની વિજ કચેરીએ લેખિતમાં ફરી વાર અરજ કરી છે. તો તાત્કાલીક યોગ્ય હુકમ કરવા મારી નમ્ર વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સદર વાદીશ્રી ની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, સાયલા ના જણાવ્યા મુજબ સદર વાદીશ્રી સોલંકી રામજીભાઈ અમરાભાઈ દ્વારા રજૂઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર ખાતે ફરીયાદ કરેલ હતી. જેના અનુસંધાને અત્રેની કચેરીએ સ્થળ તપાસ કરતા નીચે મુજબની હકીકત જાણવા મળેલ છે.

૨.૨ સદર સ્થળ પર તપાસ કરતા સદર જગ્યા ઉપર સોલંકી મૂળજીભાઈ અમરાભાઈ ના નામનું ગ્રાહક નં–૭૩૫૫૪/ ૦૧૮૯૮/૮ થી RGPR ટેરીફ નું રહેણાંક હેતુનું વિજ જોડાણ ધરાવે છે. સદર ઘરમાં ઘરની સામે રોડ ઉપર ૫ કે.વી.એ. ના ટ્રાન્સફોર્મર માંથી પાવર આપવામાં આવેલ છે તથા સ્થળ ઉપર PGST-01920434 નંબરવાળું વિજ મીટર આવેલ છે.

૨.૩ સદર સ્થળની બાજુમાં આવેલ પ્લોટમાં પતરા પડેલ છે તથા સીમેન્ટ,માટી, મિક્ષર મશીન હાથ વડે ફેરવી શકાય તેવું પડેલ છે. સદર મીક્ષર મશીન ડીઝલ થી સદર પ્લોટમાં અત્યારે કોઈપણ જાતનો વિજ વપરાશ થતો નથી.

૨.૪ સદર અરજીમાં જણાવ્યા મુજબ સદર સ્થળ ઉપર ભવિષ્યમાં કોઈ દંડાત્મક કાર્યવાહી થાય તો અરજદારની જવાબદારી થઈ પડે તેમ જણાવેલ છે. સ્થળ ઉપર અત્યારે સોલંકી મૂળજીભાઈ અમરાભાઈ ના નામનું વિજ જોડાણ આવેલ હોય, ભવિષ્યમાં કોઈ દંડાત્મક કાર્યવાહી થાય તો પીજીવીસીએલ કંપની ના ગ્રાહક ઉપર કાર્યવાહી થઈ શકે. પરંતુ, અરજદારશ્રી ની જવાબદારી આવે નહી.

૨.૫ આમ, સ્થળ ઉપર પીજીવીસીએલ કંપની નું કાયદેસર નું વિજ જોડાણ હોય તે ટી.સી.હટાવી શકાય નહી. જે આપ સાહેબશ્રીની જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂં.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી સોલંકી રામજીભાઈ અમરાભાઈ, મું.વઢવાણ દ્વારા તેમની સંયુકત માલીકીની જગ્યા સર્વે નં– ૧૧ સુદામડા ખાતે વિજ કંપની દ્વારા મૂકવામાં આવેલ ટ્રાન્સફોર્મર ગેરકાયદેસર હોય, જે તેમને નુકશાનકારક થાય તેમ હોય, હટાવી લેવા અંગેની રજૂઆત ફોરમને કરવામાં આવેલ છે.

૩.૨ આજરોજ તા.૨૬/૫/૨૦૨૨ ના રોજ રૂબરૂ સુનાવણી દરમ્યાન વાદીની રજૂઆત ધ્યાને લેતાં, તેમની લેખિત રજૂઆત અસ્પષ્ટ અને અધૂરી હોય, તેમની ફરીયાદ નો મુખ્ય હેતુ હાલના સર્વે નં–૧૧ સુદામડા ખાતેનું તેમનું સંયુકત માલીકીની જગ્યા પરનું કનેકશન તેમના ભાઈ મૂળજીભાઈ અમરાભાઈ સોલંકીના નામે આપવામાં આવેલ કનેકશન બીજા ભાગીદારો ની સંમતિ ન હોવા છતાં, આપવા બાબતની છે. આમ, ફરીયાદનો હેતુ સ્પષ્ટ કરવા અરજદારશ્રી દ્વારા તેમની તા.૨૬/૫/૨૦૨૨ ની લેખિત રજૂઆત માં જરૂરી સુધારાની નોંધ કરી આપેલ છે.

Redressal P.G.V.C.L. Bhavnagar

૩.૩ બંને પક્ષોની લેખિત તેમજ મૌખિક રજૂઆતો તેમજ રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી રેકર્ડ ચકાસતાં, ફોરમને જણાય છે કે, સદરહુ વિવાદીત કનેકશન પીજીવીસીએલ સાયલા કચેરી દ્વારા તા.૨૨/૪/૨૦૧૪ થી શ્રી મૂળજી ભાઈ અમરાભાઈ ના નામનું આપવામાં આવેલ છે. જેનો હાલ કબ્જો/ભોગવટો પણ તેમની પાસે જ છે. અરજદારશ્રી દ્વારા ઘણા લાંબા સમય પછી સંમતિ અંગેનો મુદો ઉપસ્થિત કરવામાં આવેલ છે.

૩.૪ આમ, પીજીવીસીએલ કચેરી દ્વારા જે તે સમયે જરૂરી આધાર પુરાવાઓ મેળવીને નિયમોનુસાર કનેકશન મૂળજી ભાઈ અમરાભાઈ સોલંકી ના નામે આપવામાં આવેલ છે. આથી, વિજ જોડાણ અને ટ્રાન્સફોર્મર સેન્ટરની કામગીરી નિયમોનુસાર કરવામાં આવેલ છે. આમ, સદરહુ કનેકશન તથા તે અંગેની અન્ય જવાબદારીઓ પણ હાલના કબ્જેદાર શ્રી મૂળજીભાઈ અમરાભાઈ ના નામે રહેતી હોય, અરજદારની અરજી ગ્રાહય રાખવામાં આવતી નથી.

૩.૫ સવિશેષ અરજદારશ્રી દ્વારા તેમની ફરીયાદમાં દર્શાવેલ વિજ ચોરી અંગેની રજૂઆત અંગે જરૂરી ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરવા આથી પ્રતિવાદી પીજીવીસીએલ ને જણાવવામાં આવે છે.

## –:: હુકમ ::–

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૪ અને ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ કનકરોડ ત્રિકોણ બાગ રાજકોટ- ૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(એ.એ.જાડેજા)
ટેકનીકલ સભ્યશ્રી

(એન.સી.મકવાણા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૬/૦૫/૨૦૨૨.

Consumer Grievance Redressal Forum
P.G V.C.L.
Bhavnagar